सत्यमेव जयते

ડૉ. આર. યુ. પુરોહિત
નિયામક

ક્રમાંક : જીસીઈઆરટી/સી &ઈ/મૂલ્યાંકન/2014-2015/19250-365
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ 11-9-2014

# પરિપત્ર

**વંચાણે લીધા :** જીસીઈઆરટી/સીએન્ડઈ/મૂલ્યાંકન/૨૦૧૪-૧૫/૧૬૦૬૧-૧૬૧૧૧, તા.૧/૮/૨૦૧૪

## વિષય : પ્રજ્ઞા અભિગમ અંતર્ગત ધોરણ ૧ થી ૫ની મૂલ્યાંકન યોજના

આરટીઈ-૨૦૦૯ની જોગવાઈ મુજબ રાજયમાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન(એસસીઈ)ના માધ્યમથી ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક, સામાજિક, બૌધિક અને શારીરિક એમ સર્વગ્રાહી વિકાસ કરવાનો મુખ્ય હેતુ રહેલો છે. આ હેતુ સિધ્ધ કરવા બાળકમાં થતાં વિકાસની(વર્તન-પરિવર્તનની) નોંધ કરવી ખુબ જ જરૂરી છે. વિદ્યાર્થીના સતત અવલોકન અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની ભાગીદારીને આધારે તેના જિવન કૌશલ્યો, મૂલ્યો, ગુણો, વલણો, રસ, રૂચિમાં થતાં પરિવર્તનની નોંધ રાખવાની છે.

સમગ્ર રાજયમાં પ્રજ્ઞા અભિગમ અંતર્ગત હાલમાં ધોરણ ૧ અને ૨માં ૧૬૦૦૦, ધોરણ ૩ અને ૪માં ૭૦૦૦ તથા ધોરણ-૫માં ૫૦૦ જેટલી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય થઈ રહયું છે. પ્રજ્ઞા અભિગમમાં વિદ્યાર્થીઓને વ્યકિતગત શિક્ષણ આપવા માટે ૬ જૂથોમાં અધ્યયનકાર્ય કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ અધ્યયનકાર્ડ, સ્વઅધ્યયનપોથી, લર્નીંગ મટીરીયલ, અર્લીરીડર, પ્રવૃત્તિઓ, રમતો ધ્વારા અધ્યયન કરે છે. જે દરમ્યાન તેઓનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવી રહયું છે. વિદ્યાર્થીના મૂલ્યાંકન અંગેની નોંધ પ્રગતિમાપન રજીસ્ટરમાં થઈ રહી છે.

હાલ સમગ્ર રાજયમાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન(એસસીઈ) માળખું અમલીકૃત થયેલ છે. આ અમલ સરળતાથી થાય અને શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુસર દરેક શિક્ષકને શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (એસસીઈ) માર્ગદર્શિકા જીસીઈઆરટી ધ્વારા તૈયાર કરીને આપવામાં આવેલ છે.

The Bombay Primary Education Act 1949ના Act No.38 અને The Bombay Primary Education Rules 1949ના Rules No.124 અન્વયે રાજય સરકાર ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવતા વિષયો, અભ્યાસક્રમ, પાઠયપુસ્તકો વગેરેનું અમલીકરણ સરકાર ધ્વારા માન્યતા પ્રાપ્ત તમામ પ્રાથમિક શાળાઓએ ફરજીયાત કરવાનું રહે છે.

આ મૂલ્યાંકન માળખાનો ધોરણ ૧ થી ૫ની તમામ પ્રાથમિક શાળાઓ કે જયાં પ્રજ્ઞા અભિગમ અમલમાં છે ત્યાં ફરજીયાત અમલ કરવાનો રહેશે.

1. **<u>ધોરણ ૧ અને ૨ની મુલ્યાંકન પ્રણાલી</u>**

- ધોરણ ૧ અને ૨માં વિદ્યાર્થીઓ પ્રજ્ઞા લેડર મુજબ અધ્યયન કાર્ડનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરે એટલે શિક્ષકશ્રીએ તે અંગેની નોંધ જે તે વિષયના પ્રગતિ માપન રજીસ્ટરમાં કરવી.
- વિદ્યાર્થીઓના સર્વાંગિ વિકાસ માટે સપ્તરંગી અંતર્ગત કરવામાં આવતી પ્રવૃતિઓની નોંધ સપ્તરંગી પ્રવૃત્તિ રજીસ્ટરમાં કરવાની રહેશે.જેને આધારે વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓની નોંધ પરિણામ પત્રક માં નોંધ કરવી.
- ધોરણ ૧ અને ૨ માં વિવિધ અવલોકનો,જૂથકાર્ય,પ્રવૃત્તિઓ,રમતો વગેરે ધ્વારા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવાનું રહેશે. મૂલ્યાંકન અનૌપચારિક અને ઉપચારાત્મક શિક્ષણ પ્રત્યેક અભ્યાસકાર્ડ સાથે જ કરવાનું રહેશે.વિદ્યાર્થીના ગુણો અને કૌશલ્યોનું મૂલ્યાંકન કરવા સપ્તરંગી પ્રવૃત્તિ રજીસ્ટર નિભાવવાનું રહેશે.વિદ્યાર્થી પ્રગતિ માપન રજીસ્ટર અને સપ્તરંગી રજીસ્ટરને આધારે શિક્ષકે વિદ્યાર્થીઓના પ્રગતિ પત્રકો અને પરિણામ પત્રકો તૈયાર કરવાના રહેશે.
- ધોરણ ૧ અને ૨ માં શિક્ષકે પ્રત્યક્ષ ગ્રેડીંગ પધ્ધતિ મુજબ A.B.C પૈકી યોગ્ય ગ્રેડ આપવાનો રહેશે. અને તેને આધારે અનુક્રમે ધોરણ ૧ માટે પત્રક–D-1 અનેપત્રક–D-2 તથા ધોરણ ૨ માટે પત્રક–D-3 અને પત્રક–D-4 નિભાવવાના રહેશે.

2. **<u>ધોરણ–૩ ,૪ અને ૫ નું પ્રજ્ઞા મૂલ્યાંકન માળખું</u>**

- ધોરણ ૩,૪ અને ૫ માં વિદ્યાર્થીઓ પ્રજ્ઞા લેડર મુજબ અધ્યયન કાર્ડનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરે એટલે શિક્ષકશ્રીએ તે અંગેની નોંધ જે તે વિષયના પ્રગતિ માપન રજીસ્ટરમાં કરવી.
- વિદ્યાર્થીઓના સર્વાંગિ વિકાસ માટે સપ્તરંગી અંતર્ગત કરવામાં આવતી પ્રવૃતિઓની નોંધ સપ્તરંગી પ્રવૃત્તિ રજીસ્ટરમાં કરવાની રહેશે.જેને આધારે વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓની નોંધ પત્રક–B :વ્યકિતત્વ વિકાસ પત્રકમાં નોંધ કરવી. જેમાં કુલ–૪ ક્ષેત્રોમાં વિદ્યાર્થીના વ્યકિતગત વિકાસ અંતર્ગતની બાબતો સમાવવામાં આવેલી છે.ધોરણ–૩, ૪ અને ૫ માં વ્યકિતત્વ વિકાસ પત્રક–B ને આધારે બંને સત્ર દરમ્યાન સતત મૂલ્યાંકન કરવાનું રહેશે.બંને સત્રના સરેરાશ ગુણને પત્રક–C માં વર્ષાન્તે ગણતરીમાં લેવાના રહેશે.
- જીસીઈઆરટી ધ્વારા તૈયાર કરવામાં આવેલ રચનાત્મક મૂલ્યાંકન પત્રક–A ને બદલે ધોરણ–૩ થી ૫ માં નીચે દર્શાવ્યા અનુસારના રચનાત્મક મૂલ્યાંકન પત્રકમાં સારણી મુજબ પૂર્ણ કરેલ માઈલ સ્ટોનને આધારે ગુણ મૂકવાના રહેશે.રચનાત્મક મૂલ્યાંકનમાં સત્રાંતે તથા વર્ષાન્તે ૪૦–૪૦ ગુણ મૂકવાના રહેશે.

| ધોરણ–૩ : પ્રથમ સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પૂર્ણ કરેલ માઈલ સ્ટોન/મેળવેલ ગુણ | | | | |
| | **પ્રાપ્ત થતા ગુણ** | **૪૦** | **૩૨** | **૨૪** | **૧૬** | **૮** |
| ગુજરાતી | ૨૦ થી ૨૪(કુલ–૫ મા.સ્ટો) | ૨૪ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ |
| ગણિત | ૨૦ થી ૨૩(કુલ–૪ મા.સ્ટો) | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ | – |
| પર્યાવરણ | ૨૩ થી ૨૭(કુલ–૫ મા.સ્ટો) | ૨૭ | ૨૬ | ૨૫ | ૨૪ | ૨૩ |

| ધોરણ–૩ : બીજુ સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | વર્ષના કુલ માઈલસ્ટોન | પૂર્ણ કરેલ માઈલ સ્ટોન/મેળવેલ ગુણ | | | | |
| | **પ્રાપ્ત થતા ગુણ** | **૪૦** | **૩૨** | **૨૪** | **૧૬** | **૮** |
| ગુજરાતી | ૨૦ થી ૩૧(કુલ–૧૨ મા.સ્ટો) | ૩૧–૩૦–૨૯ | ૨૮–૨૭–૨૬ | ૨૫–૨૪ | ૨૩–૨૨ | ૨૧–૨૦ |
| ગણિત | ૨૦ થી ૩૧(કુલ–૧૨ મા.સ્ટો) | ૩૧–૩૦–૨૯ | ૨૮–૨૭–૨૬ | ૨૫–૨૪ | ૨૩–૨૨ | ૨૧–૨૦ |
| પર્યાવરણ | ૨૩ થી ૩૩(કુલ– ૧૧મા.સ્ટો) | ૩૩–૩૨ | ૩૧–૩૦ | ૨૯–૨૮ | ૨૭–૨૬ | ૨૫–૨૪–૨૩ |

| ધોરણ–૪ : પ્રથમ સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પૂર્ણ કરેલ માઈલ સ્ટોન/મેળવેલ ગુણ | | | | |
| | **પ્રાપ્ત થતા ગુણ** | **૪૦** | **૩૨** | **૨૪** | **૧૬** | **૮** |
| ગુજરાતી | ૩૨ થી ૩૬(કુલ–૫ મા.સ્ટો) | ૩૬ | ૩૫ | ૩૪ | ૩૩ | ૩૨ |
| ગણિત | ૩૨ થી ૩૭(કુલ–૬ મા.સ્ટો) | ૩૭ | ૩૬ | ૩૫ | ૩૩–૩૪ | ૩૨ |
| પર્યાવરણ | ૩૪ થી ૩૭(કુલ–૪ મા.સ્ટો) | ૩૭ | ૩૬ | ૩૫ | ૩૪ | |

| ધોરણ–૪ : બીજુ સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પૂર્ણ કરેલ માઈલ સ્ટોન/મેળવેલ ગુણ | | | | |
| | **પ્રાપ્ત થતા ગુણ** | **૪૦** | **૩૨** | **૨૪** | **૧૬** | **૮** |
| ગુજરાતી | ૩૨ થી ૪૩(કુલ–૧૨ મા.સ્ટો) | ૪૩–૪૨ | ૪૧–૪૦ | ૩૯–૩૮ | ૩૭–૩૬–૩૫ | ૩૪–૩૩–૩૨ |
| ગણિત | ૩૨ થી ૪૮(કુલ–૧૭ મા.સ્ટો) | ૪૮–૪૭–૪૬ | ૪૫–૪૪ | ૪૩–૪૨–૪૧ | ૪૦–૩૯–૩૮–૩૭ | ૩૬–૩૨ |
| પર્યાવરણ | ૩૪ થી ૪૩(કુલ– ૧૦મા.સ્ટો) | ૪૩–૪૨ | ૪૧–૪૦ | ૩૯–૩૮ | ૩૭–૩૬ | ૩૫–૩૪ |
| | મેળવેલ ગુણ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૬ | ૮ |
| હિન્દી | અભ્યાસકાર્ડ | ૪૧ થી ૪૯ | ૩૧ થી ૪૦ | ૨૧ થી ૩૦ | ૧૧ થી ૨૦ | ૧ થી ૧૦ |

| ધોરણ–૫ : પ્રથમ સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પૂર્ણ કરેલ માઈલ સ્ટોન/મેળવેલ ગુણ | | | | |
| | **પ્રાપ્ત થતા ગુણ** | **૪૦** | **૩૨** | **૨૪** | **૧૬** | **૮** |
| ગુજરાતી | ૧ થી ૫(કુલ–૫ મા.સ્ટો) | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ગણિત | ૧થી ૭(કુલ–૭ મા.સ્ટો) | ૭ | ૬ | ૫,૪ | ૩,૨ | ૧ |
| પર્યાવરણ | ૧ થી ૫(કુલ–૫ મા.સ્ટો) | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| અંગ્રેજી | ૧ થી ૪(કુલ–૪ મા.સ્ટો) | ૪ | ૩ | ૨ | ૧ | |
| હિન્દી | ૧ થી ૬(કુલ–૬ મા.સ્ટો) | ૬ | ૫ | ૪ | ૨,૩ | ૧ |
| | | | | | | |

| ધોરણ–૫ : બીજુ સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પૂર્ણ કરેલ માઈલ સ્ટોન/મેળવેલ ગુણ | | | | |
| | **પ્રાપ્ત થતા ગુણ** | **૪૦** | **૩૨** | **૨૪** | **૧૬** | **૮** |
| ગુજરાતી | ૧ થી ૧૨(કુલ–૧૨ મા.સ્ટો) | ૧૨,૧૧ | ૧૦,૯ | ૮,૭ | ૬,૫,૪ | ૩,૨,૧ |
| ગણિત | ૧ થી ૧૬(કુલ–૧૬ મા.સ્ટો) | ૧૬,૧૫ | ૧૪,૧૩,૧૨ | ૧૧,૧૦,૯ | ૮,૭,૬,૫ | ૪,૩,૨,૧ |
| પર્યાવરણ | ૧ થી ૧૧(કુલ– ૧૧મા.સ્ટો) | ૧૧,૧૦ | ૯,૮ | ૭,૬ | ૫,૪ | ૩,૨,૧ |
| અંગ્રેજી | ૧ થી ૮(કુલ–૮ મા.સ્ટો) | ૮ | ૭ | ૬,૫ | ૪,૩ | ૨,૧ |
| હિન્દી | ૧ થી ૧૩(કુલ–૧૩ મા.સ્ટો) | ૧૩,૧૨ | ૧૧,૧૦ | ૯,૮ | ૭,૬,૫ | ૪,૩,૨,૧ |

- ધોરણ ૩,૪ અને ૫ માં પ્રથમ અને બીજા સત્રના અંતે ૪૦–૪૦ ગુણની વિદ્યાર્થીઓની લેખિત કસોટી લેવાની રહેશે.
- વિદ્યાર્થી સ્વઅધ્યયન કરતો થાય તેનુ ખૂબ જ મહત્વ છે. જે તે વિષયમાં વિદ્યાર્થીએ કરેલ સ્વાધ્યાયકાર્ય, ગૃહકાર્ય, પ્રોજેક્ટ કાર્ય, અર્લીરિડરનો ઉપયોગ અને સ્થાનિક સાહિત્ય સામગ્રીમાં સમાવિષ્ટ વિગતો વિષેની સમજ અંગે કાળજી લેવાની છે. આ કામગીરીમાં વિદ્યાર્થીનો સ્વતંત્ર પ્રયત્ન, નિયમિતતા, સુઘડતા, જાળવણી જેવા પાસાઓ ધ્યાનમાં લઈ ધોરણ ૩,૪ અને ૫માં દરેક વિષયમાં સત્રદીઠ ૨૦ ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું છે. જેની નોંધ પરિણામ પત્રક(પત્રક–C)માં કરવાની રહેશે.
- ખાસ અનિવાર્ય સંજોગોમાં શાળાએ જાહેર કરેલ કાર્યક્રમ મુજબ કોઈ વિદ્યાર્થી ઔપચારિક લેખિત કસોટી વખતે હાજર ન રહી શકે તો પણ મુખ્ય શિક્ષકશ્રીએ શકય તેટલા નજીકના દિવસોમાં સંબંધિત વિદ્યાર્થીની બાકી રહેલી કસોટીઓ માટેની વ્યવસ્થા કરવાની રહેશે.
- વિદ્યાર્થીના જ્ઞાનાત્મક વિકાસની સાથે તેના સર્વગ્રાહી વિકાસના મૂલ્યાંકન માટે પત્રક–Bમાં કેટલાક નિર્દેશકો આપવામાં આવ્યા છે. સપ્તરંગી પ્રવૃત્તિઓના આધારે તથા શિક્ષકે સ્થાનિક પરિસ્થિતિ મુજબ કરેલ પ્રવૃત્તિઓ(નિર્દેશકો) મળીને કુલ નિર્દેશકોની સંખ્યા ૪૦ રાખવી. જેનું બન્ને સત્ર દરમ્યાન મૂલ્યાંકન કરવાનું રહેશે.
- પ્રથમ સત્રના ૨૦૦(૪૦ વિધાન × ૫ ગુણ) તથા બીજા સત્રના ૨૦૦ (૪૦ વિધાન × ૫ ગુણ)માંથી મેળવેલ કુલ ગુણ ૪૦૦ને ૨ વડે ભાગી બન્ને સત્રના સરેરાશ ૨૦૦માંથી મળતા ગુણ વર્ષાંતે પરિણામ (પત્રક–C) માં નોંધવાના રહેશે.
- પત્રક–C ,ધોરણ ૩,૪અને ૫માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન મોડયુલમાં દર્શાવ્યાનુસાર રહેશે.
- પત્રક–E , સર્વગ્રાહી વિકાસાત્મક સંગૃહિત પ્રગતિપત્રક(ધોરણ ૧ થી ૮)ને પ્રજ્ઞા અભિગમ અંતર્ગત પણ ધોરણ ૧ થી ૫ માટે નિભાવવાનું રહેશે.
- પત્રક–F ,પ્રગતિ પત્રક(ધોરણ ૩ થી ૫) વર્ષાન્તે પ્રજ્ઞા અભિગમમાં પણ આપવાનું રહેશે.

3. **ધોરણ ૩ થી ૫માં પ્રજ્ઞા અભિગમમાં પ્રથમ અને બીજા સત્ર દરમ્યાનનો વિવિધ વિષયનો માઈલસ્ટોન આધારિત અભ્યાસક્રમ નીચે મુજબ છે.**

| સત્ર | માસ | ધોરણ – ૩ | | | ધોરણ – ૪ | | | ધોરણ–૫ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | પર્યાવરણ | ગણિત | ગુજરાતી | પર્યાવરણ | ગણિત | ગુજરાતી | હિન્દી | અંગ્રેજી | ગણિત | પર્યાવરણ |
| પ્રથમ | જુન | 20 | 23 | 20 | 32 | 34 | 32 | 1 | 1 | 1 | 0,1 | 1 |
| | જુલાઈ | 21 | 24 | 21 | 33 | 35 | 33,34 | 2 | 2,3 | 2 | 2,3 | 2 |
| | ઓગસ્ટ | 22,23 | 25,26 | 22 | 34,35 | 36 | 35,36 | 3 | 4 | 3 | 4,5 | 3,4 |
| | સપ્ટેમ્બર | 24 | 27 | 23 | 36 | 37 | 37 | 4/5 | 5,6 | 4 | 6,7 | 5 |
| | ઓકટોબર | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | | | | | | | | | | | | |
| બીજુ | નવેમ્બર | 25 | 28 | 24 | 37 | 38 | 38 | 6 | 7 | 5 | 8 | 6 |
| | ડિસેમ્બર | 26,27 | 29 | 25 | 38,39 | 39,40 | 39,40 | 7,8 | 8,9 | 6 | 9,10 | 7 |
| | જાન્યુઆરી | 28 | 30,31 | 26 | 40 | 41 | 41-43 | 9 | 10 | - | 11,12 | 8,9 |
| | ફેબ્રુઆરી | 29,30 | 32 | 27,28 | 41,42 | 42 | 44,45 | 10,11 | 11,12 | 7 | 13,14 | 10 |
| | માર્ચ | 31 | 33 | 29-31 | 43 | 43 | 46-48 | 12 | 13 | 8 | 15,16 | 11 |
| | એપ્રિલ | - | - | - | - | - | - | - | - | - | - | - |

જેને આધાર લઈ જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવને પ્રજ્ઞા અભિગમના ધોરણ ૩,૪ અને ૫ માટે બંને સત્રોના પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે.પ્રશ્નપત્રો છપાવીને પ્રજ્ઞા શાળાઓને પહોંચાડવાની તથા પરીક્ષાની આનુંસાંગિક સઘળી જવાબદારી જે તે જિલ્લા પંચાયત/નગર શિક્ષણ સમિતિની રહેશે.

4. પરિણામ પત્રક (પત્રક–C)માં વર્ષાન્તે દરેક વિષયના ૨૦૦ ગુણ(૪૦ + ૪૦+૨૦ = ૧૦૦ પ્રથમ સત્ર) અને (૪૦ + ૪૦+૨૦ = ૧૦૦ દ્વિતીય સત્ર) તથા પત્રક–B ના ગુણ મળી કુલ ગુણમાંથી નીચે મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે.

| વિષય | ધોરણ ૩ના કુલ ગુણ | ધોરણ ૪ના કુલ ગુણ | ધોરણ ૫ના કુલ ગુણ |
|---|---|---|---|
| ગુજરાતી | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| ગણિત | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| પર્યાવરણ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| અંગ્રેજી | - | ૧૦૦* | ૨૦૦ |
| હિન્દી | - | ૧૦૦ બીજું સત્ર | ૨૦૦ |
| પત્રક-B (વ્યક્તિત્વ વિકાસ) | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| કુલ ગુણ | ૮૦૦ | ૧૦૦૦* | ૧૨૦૦ |

* પ્રજ્ઞા અભિગમમાં ધોરણ ૪માં હાલમાં અંગ્રેજી અમલમાં ન હોવાથી કુલ ગુણ ૯૦૦ રહેશે

- ધોરણ ૩ થી ૫માં વિદ્યાર્થીને વર્ષાન્તે અપાતા પ્રગતિપત્રકમાં માત્ર ગ્રેડનો ઉલ્લેખ કરવાનો રહેશે.

| ગુણ ને આધારે ગ્રેડની ગણતરી નીચે મુજબ રહેશે | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૦ ગુણમાંથી | ૨૦૦ ગુણમાંથી | ૮૦૦ ગુણમાંથી | ૯૦૦ ગુણમાંથી | ૧૨૦૦ ગુણમાંથી | ગ્રેડ |
| ૮૦ કે તેથી વધુ | ૧૬૦ કે તેથી વધુ | ૬૪૦ કે તેથી વધુ | ૭૨૦ કે તેથી વધુ | ૯૬૦ કે તેથી વધુ | A |
| ૬૫ થી ૭૯ સુધી | ૧૩૦ થી ૧૫૯ સુધી | ૫૨૦ થી ૬૩૯ સુધી | ૫૮૫ થી ૭૧૯ સુધી | ૭૮૦ થી ૯૫૯ સુધી | B |
| ૫૦ થી ૬૪ સુધી | ૧૦૦ થી ૧૨૯ સુધી | ૪૦૦ થી ૫૧૯ સુધી | ૪૫૦ થી ૫૮૪ સુધી | ૬૦૦ થી ૭૭૯ સુધી | C |
| ૩૫ થી ૪૯ સુધી | ૭૦ થી ૯૯ સુધી | ૨૮૦ થી ૩૯૯ સુધી | ૩૧૫ થી ૪૪૯ સુધી | ૪૨૦ થી ૫૯૯ સુધી | D |
| ૩૫ થી ઓછા | ૭૦ થી ઓછા | ૨૮૦ થી ઓછા | ૩૧૫ થી ઓછા | ૪૨૦ થી ઓછા | E |

5. પ્રજ્ઞા અભિગમમાં લેડર આધારિત વિદ્યાર્થીનું વ્યકિતગત શિક્ષણકાર્ય થતુ હોવાથી શિક્ષકશ્રીએ સમગ્ર વર્ગ માટેની કાર્યનોંધને બદલે વિદ્યાર્થીઓ માટે લેડર મુજબ વ્યકિતગત કાર્ય કરવાનું રહે છે.આથી દૈનિક નોંધપોથી લખવાને બદલે પ્રજ્ઞાવર્ગમાં શિક્ષકે સ્વસૂઝથી તમામ વિદ્યાર્થીઓને વ્યકિતગત વિષયદીઠ જરૂરિયાત મુજબનું અધ્યયન પૂરૂ પાડી શકાય તેવું માનસિક આયોજન કરવાનું રહે છે.

6. વિદ્યાર્થીના સર્વગ્રાહી વિકાસાત્મક સંગૃહીત પ્રગતિપત્રક(પત્રક–E)ની જે તે ધોરણની વિગતો જે તે વર્ગશિક્ષકે ભરવાની રહેશે.

7. કોઈપણ વિદ્યાર્થી વર્ષ દરમ્યાન અધવચ્ચેથી શાળા છોડી અન્ય શાળામાં જાય ત્યારે શાળા છોડે ત્યાં સુધીના કાર્યદિવસો, હાજર દિવસો, વિષયવાર મૂલ્યાંકનના આધારો, મેળવેલ ગુણ તથા સર્વગ્રાહી વિકાસાત્મક સંગૃહીત પ્રગતિપત્રક(પત્રક–E) વગેરે બાબતો શાળા છોડવાના પ્રમાણપત્રની સાથે આપવાના રહેશે. વર્ષ દરમ્યાન અધવચ્ચેથી અન્ય શાળામાંથી પ્રવેશ મેળવવા આવેલ વિદ્યાર્થી પાસેથી અગાઉની શાળાએ આપેલ ઉપરોકત આધારો મેળવવાના રહેશે.

8. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ–૧૧૨૧૧–૧૪૯–ક, તા.૧૮/૨/૨૦૧૧ અન્વયે ધો.૧ થી ૮ સુધીના વિદ્યાર્થીને કોઈપણ ધોરણમાં અટકાવી શકાશે નહી તેમજ વર્ગબઢતી માટે ગુણ કે ગ્રેડ ધ્યાને લેવાશે નહિ.

9. સદર પરિપત્રના સંદર્ભમાં કોઈ માર્ગદર્શનની જરૂર હોય તો સદર કચેરીનો, આપના જિલ્લામાં આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અથવા એસએસએ કચેરી પાસેથી મેળવી શકાશે.

(signature)
નિયામક
જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

**પ્રતિ,**

1. પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન(તમામ)
2. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ)
3. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ)
4. શાસનાધિકારીશ્રી(તમામ)

**નકલ સવિનય રવાના :**

1. માન.અગ્રસચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
2. માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એસએસએ, સેકટર–૧૭, ગાંધીનગર
3. નિયામકશ્રી(પ્રાથમિક શિક્ષણ), પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
4. શાખા ફાઈલે